પૂર્વના તારાનું મંડળ

અને

જગદ્દગુરુઓ.

અનુવાદક—મણિલાલ નથુભાઇ દોશી બી. એ.

પ્રસિદ્ધ કર્તા—મણિલાલ નથુભાઇ દોશી બી. એ.

રતનપોળ-અમદાવાદ.

પ્રત ૨૦૦૦. ઇ. સ. ૧૯૧૭ આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કીંમત ૬ પાઇ.

૬૨૭૧

પૂર્વના તારાના મંડળમાં દાખલ થનાર દરેક સભ્યે માન્ય રાખવાના છ નિયમો.

(૧) હું માનું છું કે, **મહાન્ ગુરૂ** જગતમાં થોડા સમયમાં પ્રકટ થશે અને હાલ હું એવી રીતે જીવન ગાળવા માગું છું કે જેથી જ્યારે **મહાન્ ગુરૂ** પધારે ત્યારે હું તેમને ઓળખવાને યોગ્ય થાઉં.

(૨) તેટલા માટે હું **મહાન્ ગુરૂ**ને નિરંતર સ્મરણમાં રાખીશ અને મારા દરરોજના જીવનવ્યવહારમાં જે જે કામ કરવાનાં આવી પડશે તે તે કામ હું **તેમના** નામથી અને તેટલા માટે મારાથી બને તેટલી સંપૂર્ણતાથી કરીશ.

(૩) મારી હમેશની ફરજોમાં આડે નહિ આવે તેવી રીતે જેથી તેમના આવવાની તૈયારીને સહાય પહોંચે એવું કોઇ ચોકસ કામ કરવાને હું દરરોજ દિવસનો અમુક ભાગ રોકીશ.

(૪) **ભક્તિ, દૃઢતા** અને **નમ્રતા,** આ ત્રણ સદ્ગુણોને મારા જીવનવ્યવહારનાં મુખ્ય લક્ષણો બનાવીશ.

(૫) મહાન્ ગુરૂના નામથી અને તેમના ખાતર હું જે જે કામ કરવાને પ્રયત્ન કરતો હોઉંશ, તે તે કામમાં તેમનો આશીર્વાદ મેળવવાને પ્રાતઃકાળનો અને રાત્રિનો અમુક ભાગ હું જૂદો કાઢીશ.

(૬) જ્યાં જ્યાં જે જે મનુષ્યમાં મહત્તા દેખાય તેને ઓળખી તે મનુષ્યને માન આપવું એ મારૂં ખાસ કર્તવ્ય સમજીશ અને આધ્યાત્મિક બાબતોમાં મારા કરતાં જે કોઈ મને વધારે ઉંચ લાગશે તેની સાથે મારાથી બનતી શક્તિથી કામ કરવાને હું પ્રયત્ન કરીશ.

પૂર્વના તારાનું મંડળ.

જગતના જુદા જુદા ભાગોમાં મહાન આધ્યાત્મિક ગુરુના આગમન માટે હાલમાં આતુરતાથી રાહ જોવામાં આવે છે. તે પરથી પૂર્વના તારાના મંડળની સ્થાપના થઈ છે. હાલને સમયે બધા મહાન ધર્મોમાં અને ખાસ કરીને દરેક જાતિમાં આવા મહાન ગુરુને માટે લોકો આશા રાખતા થયા છે. દરેક ધર્મના અને સ્થળના લોકો પોતપોતાને અનુકૂળ ભાષામાં તે આશા પ્રદર્શિત કરે છે. આવી આશા રાખનારા સમગ્ર લોકોને એકત્ર કરવા એ ધારણા પૂર્વના તારાના મંડળની છે.

ભગવાન મૈત્રેય કળિયુગમાં આધ્યાત્મિક ગુરુ તરીકે પધારશે એ હકીકતને, તેમજ પરાશર ઋષિએ મૈત્રેયને દૈવી જ્ઞાન આપ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે કળિયુગને અંતે તારે આ જ્ઞાન સિનિક મુનીને આપવું એ હકીકતને, શ્રીવિષ્ણુભાગવત અને વિષ્ણુપુરાણના નીચેના શ્લોકોથી ટેકો મળે છેઃ—

विदुर उवाच—ज्ञानं परं स्वात्मरहःप्रकाशं यदाह योगेश्वर ईश्वरस्ते।
वक्तुं भवान्नोऽर्हति यद्धि विष्णोर्भृत्याः स्वभृत्यार्थकृतश्चरंति ॥
उद्धव उवाच—ननु ते तत्त्वसंराध्य ऋषिः कौषारवोऽन्तमे।
साक्षाद्भगवतादिष्टो मर्त्यलोकं जिहासता ॥

વિદુર કહે છે—હે ઉદ્ધવ ! યોગેશ્વર ઇશ્વરે આત્માના ગુહ્ય તત્ત્વને પ્રકાશ આપનારૂં જે પરમ જ્ઞાન તમને કહ્યું છે તે જ્ઞાન તમે અમને આપવાને યોગ્ય છો, કારણકે વિષ્ણુના સેવક પોતાના સેવકના કાર્ય અર્થજ ફરે છે.

ઉદ્ધવ કહે છે—હે વિદુર ! તમારે તત્ત્વ જાણવા માટે મૈત્રેય

ઋષિ સેવવા યોગ્ય છે, કેમકે મનુષ્ય લોકનો ત્યાગ કરતી વખતે સાક્ષાત્ ભગવાને તે પ્રમાણે આજ્ઞા કરેલી છે.

(શ્રીમદ્ભાગવત ત્રીજો સ્કંધ-૪થો અધ્યાય, શ્લોક-૨૫-૨૬).

દ્વાપરયુગને અંતે શ્રીકૃષ્ણ આ જગતમાંથી પધારી જવાની તૈયારી કરતા હતા ત્યારે તેમણે ઉદ્ધવને આજ્ઞા કરીકે, કૌષારવ ઋષિ જેમનું બીજું નામ મૈત્રેય છે તેમનું અર્ચન કરવાને અને તેમની પાસેથી આધ્યાત્મિક જ્ઞાન મેળવવાને તારે વિદુરને કહેવું. (વિષ્ણુ પુરાણ, સ્કંધ ૬, અધ્યાય ૮):—

पराशर उवाच—इदमार्षं पुरा प्राह ऋभवे कमलोद्भवः ।
ऋभुः प्रियव्रतायाह स च भागुरयेऽब्रवीत् ॥ श्लोक ४२ ॥

આ જ્ઞાન પહેલાં બ્રહ્માએ ઋભુઋષિને આપ્યું; ઋભુએ પ્રિય-વ્રતને અને પ્રિયવ્રતે ભાગુરિને આપ્યું.

मयापि तुभ्यं मैत्रेय यथावत्कथितं त्विदम् ।
त्वमप्येतत्छिनिकाय कलेरंते प्रदास्यसि ॥ श्लोक ४९ ॥

પરાશરઋષિ કહે છે—હે મૈત્રેય, આ જ્ઞાન ઉત્તરોત્તર પ્રાપ્ત થયા પ્રમાણેનું મેં તમને કહ્યું છે અને તમે કલિયુગને અંતે તે સિનિકને આપજો. (વિષ્ણુપુરાણ ૬ઠ્ઠો સ્કન્ધ, અધ્યાય ૮ મો.)

ઋષિઓનું આ જ્ઞાન પ્રાચીન સમયમાં બ્રહ્માએ ઋભુઋષિને આપ્યું હતું, અને ઋભુઋષિ પાસેથી પરંપરાએ એક પછી એક ઋષિને તે જ્ઞાન પ્રાપ્ત થયું. અંતે પુલસ્ત્યે તે જ્ઞાન પરાશરને આપ્યું; પરાશરે મૈત્રેયને આપ્યું અને તેને કહ્યું કે, આ જ્ઞાન કલિયુગને અંતે તારે સિનિકને આપવું. ઉપરનાં પ્રમાણોથી આપણી ખાત્રી થાય છે કે કલિયુગમાં જગતને જ્ઞાન આપનાર ઋષિ ભગવાન મૈત્રેયજ છે. તેઓ પોતાનું કાર્ય અંતે સિનિકઋષિને સોંપશે. શ્રીમદ્ ભાગવતનું પ્રમાણ છે

કે, જે મહર્ષિઓએ જગતને આધ્યાત્મિક જ્ઞાન આપવાનું માથે લીધું છે તેમાં પરાશર પછી મહર્ષિ મૈત્રેયનું નામ આવે છે.

હવે તે મહાન ઋષિને પધારવાનો સમય નજીક આવ્યો છે. તેઓ પ્રાચીન સમયની પેઠે એક પંથ અથવા એક પ્રજા અથવા એક દેશના ગુરુ તરીકે પધારવાના નથી, પણ જગદ્‌ગુરુ તરીકે પધારશે.

હવે પછી પધારનારા જગદ્‌ગુરુને આપણે ઈશ્વરના અવતાર કહી શકીએ નહિ; તોપણ તેઓ એક મહાન પુરૂષ છે, અને દરેક પેટા જાતિના આરંભમાં પધારે છે. દરેક યુગને અંતે અને બીજા યુગને આરંભે જે મહાન પુરૂષ આવે તે અવતાર કહેવાય છે. દરેક પેટા જાતિના આરંભમાં પધારનાર મહાન પુરૂષ જગદ્‌ગુરુ કહેવાય છે, અને નાના અને મોટા કાળચક્રનાં ચિહ્ન પરસ્પર મળતાં આવે છે.

(**સૂચના:**—આમાં જે હકીકત જણાવવામાં આવી છે તે જીજ્ઞાસુઓએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર છે. મીસીસ બેસન્ટ અથવા બીજા કોઈ થિઓસોફિસ્ટ આવી બાબત કહે તે આ તારાના મંડળને અથવા સભ્યોને બંધનકર્ત્તા નથી એ યાદ રાખવું. બને તેમ જગતને શુદ્ધ કરવાનો, અને થોડા સમયમાં ઈશ્વરનો સંદેશો લાવનાર જે મહાન ગુરુ પધારવાના છે તેમનો સત્કાર કરવા માટે તૈયાર થવાનો, આ મંડળનો ઉદ્દેશ છે. એ સંદેશો કોણ લાવશે તે બાબત સાથે આ મંડળને સંબંધ નથી. દરેક સભ્ય એ બાબતનો વિચાર કરવા સ્વતંત્ર છે. **અમુકજ વ્યક્તિમાં** શ્રદ્ધા રાખવી એ જરૂરનું નથી; પણ જે કહેવામાં આવે તે નિષ્પક્ષપાતપણે સાંભળો એટલું જરૂરનું છે. ઘણા સભ્યો એમ માને છે કે જગદ્‌ગુરુ અમુક શરીરનો ઉપયોગ કરશે; પણ તેનો આધાર માત્ર દરેક વ્યક્તિની શ્રદ્ધા ઉપર છે. સભાસદ થવામાં તે કોઈ પણ રીતે બંધનકારક નથી. દરેક સભાસદે પોતાને સૌથી સારો લાગે

તેવો માર્ગ ગ્રહણ કરવો, પણ તે સાથે બીજા સભાસદોને પણ તેવીજ સ્વતંત્રતા આપવી.)

ભગવાન મૈત્રેયે જગદ્‌ગુરુનું પદ સ્વીકાર્યું તે પહેલાં તે પદ ઉપર ભગવાન ગૌતમ બુદ્ધ હતા. તેઓ જ્ઞાનની મૂર્તિ કહેવાતા હતા. મૈત્રેય ભગવાન કરુણાની મુર્તિ છે; મૈત્રેય એ શબ્દનો અર્થજ કરુણા છે.

તેઓ હિંદુસ્થાનના વનમાં શ્રીકૃષ્ણરૂપે, અને પેલેસ્ટાઇનના વનમાં ક્રાઇસ્ટરૂપે, એમ બે વખત આ જગતમાં પધાર્યા હતા. પ્રેમ એજ શ્રીકૃષ્ણનું મહાન લક્ષણ હતું એ તમને યાદ હશે. બાળ શ્રીકૃષ્ણે પોતાની આસપાસ અગાધ અને અતુલ પ્રેમ રાખનારાં મનુષ્યોને આકર્ષ્યા હતાં.

જેમના ઉપર લોકોનો પ્રેમ છે તેજ આપણા ભગવાન બોધિસત્વ—બાળ શ્રીકૃષ્ણ—છે. શુદ્ધ અને ગાઢ ભક્તિભાવથી જે મૂર્તિની પૂજા હિંદુસ્થાનમાં સર્વત્ર થાય છે તેજ તે બાળ શ્રીકૃષ્ણ છે, તેજ દૈવી ગોવાળ છે, તેજ અદ્‌ભુત બંસીનાદ કરનાર છે.

મહાનગુરુના પધારવાની રીતિ એવી છે કે, પોતે પસંદ કરેલા અને પોતાને માટે તૈયાર કરેલા અમુક શરીરનો તેઓ ઉપયોગ કરે છે, અને આ જગતમાં પોતે નિર્માણ કરેલું કાર્ય તે શરીરમાં રહીને કરે છે. કાર્ય પૂરૂં કર્યા પછી તે શરીરનો ત્યાગ કરે છે. પછી પુનઃ આગમન થતાં સુધી પોતના દિવ્ય શરીરથી કાર્ય કરે છે.

સાધારણ રીતે ખાસ શુદ્ધિવાળું અને ઘણા પ્રકારે કેળવાયલું તેમજ તેમને માટે તૈયાર કરવામાં આવેલું કોઈ શિષ્યનું શરીર તેઓ ધારણ કરે છે. પણ જ્યારે કોઇપણ જગદ્‌ગુરુ પ્રથમજ આ જગતમાં પધારે છે, ત્યારે તો તેઓ માતાના ઉદરથી જન્મ લે છે. શ્રીકૃષ્ણરૂપે મૈત્રેય ભગવાન જ્યારે પ્રથમ પધાર્યા ત્યારે સ્વાભાવિક રીતે તેમણે પણ માતાના ઉદરથી જન્મ લીધો હતો.

જે મહાન પ્રભુને હિંદુઓ જગદ્‌ગુરુ કહે છે, જેને બુદ્ધધર્મીઓ બોધિસત્ત્વ (જ્ઞાનનું સત્ત્વ) કહે છે, જેને ખ્રિસ્તી લોકો ક્રાઇસ્ટ કહે છે, તેમના આગમન માટે કાંઇક નવું ચિહ્ન દર્શાવનારૂં લખાણ તમારી દૃષ્ટિએ વખતો વખત પડતું હશે......કોઇને તેનો પોતાનો ધર્મ તજાવીને બીજા ધર્મમાં લાવવાની જરૂર નથી, કારણકે જે મહાન પ્રભુની આપણે પ્રાર્થના કરીએ છીએ અને જે આપણને આશીર્વાદ આપે છે તેજ સર્વ ધર્મના સ્થાપક છે. પ્રેમના પ્રભુ શ્રીકૃષ્ણે કહ્યું છે કે, ગમે તે આકૃતિની તમે પૂજા કરો તે "મારીજ પૂજા છે", એ વાક્ય તમને યાદ હશે. એ મહાન સત્ય ઘણું ગંભીર છે. પરમેશ્વરના ઘણા ગુણો છે અને ઘણાં નામથી તે પૂજાય છે તોપણ તે એકજ છે, તેમ જગદ્‌ગુરુને તમે ગમે તે નામથી ઓળખો તોપણ તે એકજ છે. વાસ્તવિક રીતે એકજ ઇશ્વર છે અને એકજ જગદ્‌ગુરુ છે. તેમનાજ પ્રત્યે જગતના સર્વ ધર્મના અનુયાયીઓ આશાજનક દૃષ્ટિ રાખે છે. પ્રેમના પ્રભુ એકજ છે તો પછી તેમને કૃષ્ણ કહો, બોધિસત્ત્વ કહો કે ક્રાઇસ્ટ કહો તેથી શો ફેર પડવાનો છે? પ્રભુ પધારશે એ સત્ય વાત અમે તમને જાહેર કરીએ છીએ; અને મહાન હિમાલય તરફ તમારી દૃષ્ટિ રાખવાને, તથા જે જગદ્‌ગુરુ થોડાં વર્ષમાં તમારી વચમાં વિચરશે તેમના આગમનની રાહ જોવાને, અમે તમને વિનવીએ છીએ.

આ જગતને સહાય કરવાને મહાન જગદ્‌ગુરુ પધારવાના છે તેવી માન્યતા કોઇ ધરાવતા હોય, તે સર્વને એકત્ર કરવાને આ મંડળ સ્થાપવામાં આવ્યું છે. મહાન્ ગુરૂ પધારવાના છે એવો સંદેશો સર્વત્ર આપવા માટે આ મંડળના સભ્યોએ પ્રયત્ન કરવાની જરૂર છે, જેથી તેઓ પધારે ત્યારે લોકો તેમનો સત્કાર કરે અને માન આપે તેવું વાતાવરણ બને, અને તે ઉપરાંત ઉચ્ચ ભૂમિકા ઉપર તેમના ઉપયોગ માટે સેવાનું સાધન તૈયાર થાય.

આ મંડળના દરેક સભ્યે આ ચોપાનીઆના બીજા પૃષ્ઠ ઉપર આપેલા નિયમો માન્ય રાખવાના છે.

દુનિયાની તવારીખમાં અમુક સમય એવા આવે છે કે જ્યારે ધર્મની પડતી થાય છે, અને ઘણાખરા મનુષ્યો સ્વાર્થી બને છે. "જ્યારે ધર્મની પડતી થાય છે, અને અધર્મની ચડતી થાય છે ત્યારે હું પોતાને સરજું છું." મનુષ્યને મુક્તિને માર્ગે દોરવાને માટે પોતાના ઘણા અવતાર વિષે શ્રીકૃષ્ણ આ પ્રમાણે બોલ્યા હતા.

પણ ભૂતકાળના ઘણા આધ્યાત્મિક શિક્ષકોને હમેશાં વિરુદ્ધતા સહન કરવી પડી છે. શ્રીકૃષ્ણનો અને બુદ્ધ ભગવાનનો વધ કરવાને મનુષ્યોએ કાવતરાં રચ્યાં હતાં, પણ તેમાં તેઓ ફાવ્યા નહોતા. તેઓએ પેલેસ્ટાઇનમાં ક્રાઇસ્ટને મારી નાખ્યા હતા, કારણકે જેઓ અજ્ઞાનરૂપી અંધકારમાં રહે છે તેઓ અધ્યાત્મજ્ઞાનના પ્રકાશને સહન કરી શકતા નથી.

જે જગદ્દગુરુના આગમનને માટે આપણે રાહ જોઇએ છીએ તેઓ જ્યારે જગતમાં વિચરશે અને શિક્ષણ આપશે, ત્યારે તેમને પણ એવીજ વિરુદ્ધતા અનુભવવી પડશે. અલબત ઘણાં મનુષ્યો એવાં પણ હશે કે જેઓ તેમના પર પ્રેમ રાખશે અને તેમનું અનુકરણ કરશે. ત્યારે બીજાંઓ એવાં પણ નીકળશે કે જેઓ તેમની નિંદા કરશે, અને કાર્યથી નહિ કરે તો વિચાર અને વાણીથી તેમનું અહિત કરવા પ્રયત્ન કરશે.

તારાના મંડળના સભ્યો જેઓ તેમના આગમન માટે તૈયારી કરે છે, તેઓ આનંદથી આશા રાખે છે કે તેમના પધારવા અગાઉ કાર્ય કરવાથી, જગદ્દગુરુની જે હાંસી તથા નુકસાન થાત તે તે સભ્યો પોતે વહોરી લે છે. આમ થવાથી વિરુદ્ધતાનું બળ ઘટી જશે અને જગદ્દગુરુ પધારે ત્યારે લોકોને તેમની વાણી સાંભળવાનું વલણ થશે.

હિંદુસ્થાનના આ મંડળના મુખ્ય કાર્યવાહકો.

સલાહકાર–સી. જીનરાજદાસ. એમ. એ. (કેંન્ટબ).
પ્રજાકીય પ્રતિનિધિ–પી. કે. તેલંગ. એમ. એ. એલ. એલ. બી.
કાયદાના સલાહકાર–સર સુબ્રમનીઆ ઐયર. કે. સી. આઇ. ઇ.

મંડળની વ્યવસ્થા.

આ મંડળ સને ૧૯૧૧ના જાન્યુઆરી માસની ૧૧ મી તારીખે બનારસમાં સ્થાપવામાં આંવ્યું હતું, અને તેમાં દુનિયાના જુદા જુદા તમામ ધર્મોના અને પ્રજાના ઘણા સભ્યો છે. હિંદુસ્થાનમા તેના લગભગ તેર હજાર જેટલા સભ્યો છે. આ સિવાય બીજા ભાગોમાં તેમની સંખ્યા ઘણી મોટી છે. દરેક દેશમાં એકેક મુખ્ય કાર્યવાહક નીમવામાં આવેલો છે. અને દેશના જુદા જુદા વિભાગમાં વ્યવસ્થાપક મંત્રીઓ છે. તેમજ જુદા જુદા પ્રાંત અને શહેરમાં તે મંડળની શાખા છે અને તે તે શાખામાં સ્થાનિક અધિકારીઓ છે. આ મંડળમાં બીજા કોઇ નિયમો કે ફી વગેરે નથી. રાજી ખુશીથી આવેલી ભેટમાંથી ખર્ચનો નભાવ થાય છે. જેઓ ઉપરના નિયમો સ્વિકારીને મંડળમાં જોડાવા ઇચ્છે છે તેઓ અર્ધા આનાની ટપાલની ટીકીટ મોકલે તો તેમને મંડળમાં જોડાયા બાબતનુ સર્ટિફિકેટ મોકલવામાં આવે છે. પુરૂષ તેમજ સ્ત્રીઓને આ મંડળમાં દાખલ કરવામાં આવે છે. ૨૧ વર્ષની વય કરતાં નાની ઉમરનાં સ્ત્રી પુરૂષો માટે આ મંડળની શાખા તરીકે "તારાનું સેવક મંડળ" સ્થાપવામાં આવ્યું છે. મંડળના ચિહ્ન તરીકે એક પંચકોણ રૂપેરી તારક રાખવામાં આવેલો છે. જેની કિંમત આઠ આના છે. મંડળના સભ્યોને આ તારક વખતો વખતો વખત ધારણ કરવાની વિનંતિ કરવામાં આવે છે. મંડળના સભ્યોએ ભુરી રિબન રાખવાની છે.

આ તારક તે મહાન ગુરૂ અને તેમના મંડળનું ચિહ્ન છે એટલુંજ નહિ, પરંતુ **સનત્ કુમાર** જે આ જગતના ઈશ્વર છે, તેમનું પણ આ ચિહ્ન છે. "બ્રધર્સ ઓફ ધ સ્ટાર" નામનું માસિક પત્ર અંગ્રેજીમાં નીકળે છે, જેનું વાર્ષિક લવાજમ આઠ આના છે. અને ગુજરાતીમાં "દૈવી સંદેશ" નામનું માસિક પત્ર ભાવનગરમાં બહાર પડે છે, જેનું વાર્ષિક લવાજમ બાર આના છે. આ સિવાય "હેરલ્ડ ઓફ ધ સ્ટાર" નામનું એક માસિક લંડનમાં પ્રસિદ્ધ થાય છે, અને તેનું વાર્ષિક લવાજમ સાડાચાર રૂપીઆ છે.

પૂર્વના તારાનું સેવકમંડળ.

મહાન જગદ્‌ગુરુ થોડા વખતમાં પધારવાના છે તે સમાચાર ફેલાવવાને અને તેમના આગમનની તૈયારી કરવાને સને ૧૯૧૧ માં પૂર્વના તારાનું મંડળ સ્થાપવામાં આવ્યું છે અને તેની શાખા તરીકે યુવકો માટે "તારાનું સેવક મંડળ" સ્થાપવામાં આવેલું

મહાન જગદ્‌ગુરુને તેમના કાર્ય માટે જગતમાં ઘણા સહાયકોની જરૂર છે. તેઓ જ્યારે પધારે ત્યારે તેમને ઉપયોગી થવા માટે ગમે તેવું કાર્ય કરી શકે, ગમે ત્યાં જઇ શકે, અને રાજી ખુશીથી માત્ર સહાય કરી શકે એટલુંજ નહિ, પણ લોકોને દરેક પ્રકારની સહાય આપવાને કેળવાયલા હોય એવા લોકોનું સહાયકારી મંડળ તૈયાર થાય તે માટે, તેઓ પધારે તે પહેલાં આપણી જાતને કેળવવાને આપણે પ્રયાસ કરવો ઘટે છે.

આપણે યુવકોએ તો જગદ્‌ગુરુના આગમન અર્થે કાર્ય કરવુંજ જોઇએ. આપણે મંડળના સભ્યો હોઇએ કે ન હોઇએ છતાં, તેઓ

ફરીથી પધારશે એમ આપણે માનીએ છીએ; તેથી તેઓ જલદી પધારે તે માટે આપણે તેઓનો માર્ગ સરળ બનાવવો જોઇએ. જેવી રીતે લીસી સપાટી ઉપરથી પાણી ઝડપથી ચાલ્યું જાય છે, તેવી રીતે જગત્ જ્યારે તૈયાર થશે ત્યારે તેઓ પધારશે. આપણે યુવકોએ તૈયારીનું કાર્ય કરવાનું છે તેટલા માટે હમણા આપણી જાતને તૈયાર કરવી જોઇએ, જેથી તેમનો માર્ગ દિનપ્રતિદિન સરળ થાય.

જગદ્‌ગુરુ એકજ છે; તેઓ લોકોને સહાય કરવા માટે જગતમાં ફરીથી પધારવાના છે. તેમનાં નામ જુદાં જુદા હોવાથી બીજાઓનું કહેવું ખોટું છે એમ માનવાને આપણે દોરવાઇએ છીએ, પણ વાસ્તવિક રીતે સર્વેનું કહેવું સત્ય છે. પર્વતને શિખરે આપણે પહોંચવું હોય તો પર્વત પરના ગમે તે માર્ગથી તેના શિખરે પહોંચી શકીએ, તેમ ગમે તે સ્થળેથી આપણે મહાન ગુરુને મળી શકીએ.

મહાન ગુરુનો આશીર્વાદ જગતમા સર્વે મનુષ્યો તરફ પ્રકાશો, અને જે જે પ્રજાને સહાયની જરૂર છે તેને સહાય કરવાને તેઓ સત્વર પધારો !

સભાસદ થવાની શરત.

૨૧ વર્ષ કરતાં ઓછી વયના સ્ત્રી પુરૂષ તારાના સેવકમંડળમાં દાખલ થઇ શકે છે. આ સભ્યો ૨૧ વર્ષની ઉમર પૂરી થયા પછી પૂર્વના તારાના મંડળના સભ્યો તરીકે કાયમ રહે છે. નાના બાળકો તેમનાં માબાપની સંમતિથી દાખલ થઇ શકે છે. આ સેવકમંડળમાં કોઇ જાતની ફી કે લવાજમ નથી. અને રાજી ખુશીથી આપેલી ભેટમાંથી ખર્ચનો નભાવ થાય છે, આ સેવકમંડળનું ચિહ્ન આસમાની રંગનો ત્રિકોણ છે, અને તેની વચ્ચે તારાનો અર્થસૂચક રૂપેરી " S " અક્ષર રાખવામાં આવેલો છે.

સેવા.

આ સેવકમંડળના સભ્યોએ પોતાના શહેર કે પ્રાંતના મંત્રીને મળીને અથવા લખાણથી કહેવું કે, અમારે લાયક કાંઇ કામ બતાવો.

આ સેવકમંડળના દરેક સભાસદે અને શાખાએ એવું કેન્દ્રસ્થાન બનવુ, કે જેથી કરીને તે સભ્ય અથવા શાખાદ્વારા અહર્નિશ ચોમેર બળનો પ્રવાહ ફેલાય, અને ઉપયોગી કાર્ય થાય. યુવકોએ સભામાં પ્રમુખસ્થાન લેવાનું, ભાષણો કરવાનું અને નિયમો ઘડીને અમલમાં મૂકવાની દરેક પ્રકારની વ્યવસ્થા કરવાનું કામ જાતે કરવું. તેઓ પોતાની આસપાસનાં બીજાં બાળકોને એમ કરીને, ભાષણોદ્વારા, ન્હાનાં ચોપાનીયાંદ્વારા કે પત્રદ્વારા, મહાન ગુરુના આગમનનો સંદેશો આપી શકે અને તેનો અર્થ સમજાવી શકે, અને આ રીતે તેઓ પૂર્વના તારાના મંડળના કાર્યમાં સહાય કરી શકે.

પોતાને કરવાની તૈયારી.

દરેક સભ્યે બીજાઓ માટે એકાદ સેવાનું કાર્ય હમેશાં કરવાનો નિશ્ચય કરવો જોઇએ. તેણે પોતે કોઈ ગરીબ બાળકને સહાય આપીને સુખી કરવું જોઇએ. તે સહાય તેણે જગદ્‌ગુરુના અર્થે કરવી અને તે કાર્યમાં તેમનો આશીર્વાદ માગવો.

તેણે પશુવર્ગ તરફ હમેશાં નમ્ર અને માયાળુ થવું, અને જ્યાં જ્યાં તેના ઉપર જુલમ થતો નજરે પડે ત્યાં ત્યાં તેણે રક્ષણ કરવું.

તેણે તારાનો વિચાર હમેશાં પોતાના મનમાં રાખવો અને તારાને અયોગ્ય હોય તેવું કોઇ કાર્ય તેણે કદિ કરવું નહિ, તેમજ કાંઈ અયોગ્ય પણ બોલવું નહિ.

દરેક સભ્યે ભવિષ્યનું કાર્ય કરવા માટે સ્પષ્ટ બોલવાની અને લખવાની શક્તિ કેળવવી.

જગદ્ગુરુઓ.

(મીસીસ ઍની બેસન્ટના લેખ ઉપરથી)

ભૂતકાળના ઇતિહાસ ઉપરથી જણાય છે કે જુદે જુદે વખતે જુદી જુદી પ્રજાનું કલ્યાણ કરવાને મહાન ગુરુઓ પધાર્યા છે. જેવી રીતે આકાશમાં તારાઓ પ્રકાશી રહ્યા છે તેવીજ રીતે ભૂતકાળમાં વ્યાસ, હર્મીઝ, ઝરથુષ્ટ્ર ઑરફ્યૂઝ, બુદ્ધ, શ્રીકૃષ્ણ અને ક્રાઇસ્ટનાં નામો મહાન ગુરુ તરીકે પ્રકાશી રહેલાં છે. જગતમાં અનેક રાજાઓ આવ્યા છે અને ગયા છે. ઝર્કસીઝ અથવા અલેકઝાન્ડરના ગૌરવને અત્યારે કોણ યાદ કરે છે? શાર્લમેન અથવા પાંચમા ચાર્લ્સના નામથી કોનું હૃદય ઉછાળા મારે છે? પરંતુ મહાન ગુરુઓનો પવિત્ર પ્રકાશ દિનપ્રતિદિન વિશેષ ચળકતો જાય છે, અને લાખો બલકે કરોડો મનુષ્યો ભગવાન બુદ્ધ, શ્રીકૃષ્ણ અને ક્રાઇસ્ટને હમેશાં ઘણા પૂજ્ય-ભાવથી નમે છે. તેઓ પ્રેમ અને ભક્તિના ભંડાર હોવાથી અમર છે. કરોડો મનુષ્યો અત્યારે પણ પોતાના પ્રભુનો અસ્વીકાર કરવા કરતાં મરવાનું વધારે પસંદ કરે છે.

ભૂતકાળ તથા વર્તમાનકાળના ઇતિહાસ ઉપરથી આ પુરાવો આપણને મળે છે એટલુંજ નહિ, પણ આકાશના ગુપ્ત લેખો ઉપરથી પણ આ કરતાં વિશેષ પુરાવો આપણને મળી શકે છે. આ લેખો ઉપ-રથી સિદ્ધ થાય છે કે અમુક સમયમાં એકજ જગદ્ગુરુ હોય છે; તે દરેક ધર્મના ઇશ્વિર છે, અને દરેક ધર્મને પોતાના આશીર્વાદથી ચૈતન્ય આપે છે. તેમને ગમે તે જુદાં જુદાં નામથી ભજવામાં આવે છતાં તે એકજ છે. જ્ઞાન અને સ્વાર્પણ એ તેમનું જીવન છે; પ્રેમ એ તેમનો

સ્વભાવ છે. ખ્રિસ્તી ધર્મ પ્રમાણે, તે તેમના પિતાના–ઈશ્વરના પ્રિય પુત્ર છે; અને તેમની દ્વારા ઈશ્વરનો પ્રકાશ વહે છે. તેમનું અમુક કાળચક્રનું કાર્ય પૂર્ણ થાય છે ત્યારે તેઓ બુદ્ધ (સંપૂર્ણ જ્ઞાની) થાય છે, ધર્મના નિયમ સમજાવે છે, પછી આ વિશ્વ સાથેનો સંબંધ છોડે છે અને જગદ્‌ગુરુ તરીકેનું કાર્ય બીજાને સોંપે છે.

બીજી બાબત ખાસ સ્મરણમાં રાખવાની એ છે કે, જગદ્‌ગુરુ મહાન ધર્મની સંસ્થાપના કરવા માટે વખતો વખત પધારે છે. જ્યારે જ્યારે અમુક મુખ્ય પ્રજા અને ઉપપ્રજાની શરૂઆત થવાની હોય છે, ત્યારે જગદ્‌ગુરુ મનુષ્ય દેહ ધારણ કરે છે. આવા પ્રસંગે જે શિષ્યનો દેહ પોતે પસંદ કર્યો હોય, અને પોતાના ઉપયોગને માટે તૈયાર કરવામાં આવ્યો હોય તે દેહ તે ધારણ કરે છે, અને આ જગતમાં જેટલું કાર્ય તેઓને કરવાનું હોય તે તેટલું તેઓ તે દેહમાં રહીને કરે છે. જ્યારે આ કાર્ય પૂર્ણ થાય છે ત્યારે તેઓ તે દેહ છોડી જાય છે અને ઉચ્ચ ભૂમિકાનો પોતાનો દેહ ધારણ કરે છે, અને આ જગતમાં ફરીથી આવવું પડે ત્યાં સુધી તે દેહ વડે કાર્ય કરે છે.

પાંચમી મુખ્ય પ્રજા–આર્ય પ્રજાની સ્થાપના કરવા અર્થે તેઓ પધાર્યા ત્યારે તેમનું નામ **વ્યાસ** હતું. તેઓનું નિવાસસ્થાન **માનસ** પુત્રોની સાથે ગોબીના રણમાં **શંબલ** ગામમાં હતું, અને તે વખતે તેમણે કોઇ શિષ્યનું શરીર ધારણ કરેલું હતું કે કેમ તે અમારા જાણવામાં નથી. એમ લાગે છે કે આર્ય પ્રજા જે **મનુ મહારાજની** ઉત્તમ પ્રજારૂપે હતી તેની બાલ્યાવસ્થાના સુખી દિવસોમાં, ગોબી સમુદ્રમાં આવેલા શ્વેત દ્વીપમાં **વ્યાસ** પોતાના મહાન બંધુ **વૈવસ્વત મનુ** સાથે રહેતા હતા, તેથી તેમને બીજા કોઇના દેહની જરૂર નહોતી એ સંભવિત છે.

પણ દરેક ઉપપ્રજાનો આરંભ થયા પછી અને નિર્મિત સ્થાનમાં તેનો નિવાસ થયા પછી તે પધારે છે, પસંદ કરેલા શિષ્યનો દેહ ધારણ કરે છે, પોતાનો સંદેશો આપે છે, અને શિક્ષણ આપવાનું કાર્ય આગળ ચલાવે છે. વ્યાસે જ્યારે ઇજીપ્તમાં દેહ ધારણ કર્યો ત્યારે ટીહુટી-થૉથ-અથવા ગ્રીક હરમીઝના નામથી તેઓ ઓળખાતા હતા, અને ગુપ્ત જ્યોતિના ધર્મનું શિક્ષણ ઇજીપ્તના અને અરબસ્તાનના લોકોને આપ્યું હતું. બીજી વખતે જ્યારે ઇરાનમાં પધાર્યા ત્યારે તેમણે મહાત્મા કે. એચ. ના નામથી હાલ જેઓ ઓળખાય છે તેમનો તે સમયનો દેહ ધારણ કર્યો હતો, અને તેમનું નામ ઝરથુષ્ટ્ર હતું. તેમણે અગ્નિને લગતું ધર્મશિક્ષણ આપ્યું, અને શુદ્ધિ જાળવી રાખવા માટે લોકોને આગ્રહ કર્યો. પછી તેઓએ ગ્રીસ દેશમાં દેહ ધારણ કર્યો ત્યારે ઑરફ્યૂઝના નામથી તે ઓળખાતા હતા. તેમના મધુર સંગીતથી તેમણે સર્વનાં હૃદય આકર્ષ્યાં, અને સૌંદર્યનું શિક્ષણ આપ્યું. પછી તેમણે હિંદુસ્થાનમાં રાજકુમાર સિદ્ધાર્થનો દેહ ધારણ કર્યો, અને ઇશ્વરી નિયમો ઉપર પૂર્ણ સત્તા મેળવીને અને તે નિયમોનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરીને તેઓ જ્ઞાની બુદ્ધ થયા. સંપૂર્ણ નિર્દોષ જીવન ૪૫ વર્ષ સુધી ગાળ્યા પછી તેઓ દેહ ત્યાગ કરીને પુનઃ પોતાને સ્થાને પધાર્યા; પરંતુ એમ કહેવાય છે કે આ જગત્ ઉપર તેમનો પ્રેમ હોવાથી પોતાના સૂક્ષ્મ શરીરદ્વારા હજી પણ તેને આશીર્વાદ મોકલે છે. નિર્વાણ પામ્યા પહેલાં તેમણે ભગવાન મૈત્રેયને જગદ્‌ગુરુનો અધિકાર આપ્યો. તે વખતે એ ભાગ્યશાળી શિષ્યોએ બોધિસત્ત્વ અને બુદ્ધ થવાની "કદિ ભંગ ન થઇ શકે તેવી પ્રતિજ્ઞા" તેમની પાસે લીધી હતી, અને તે તેઓએ સ્વીકારી હતી. યોગ્ય સમયે ભગવાન મૈત્રેય બાળક શ્રીકૃષ્ણ-રૂપે પધાર્યા, અને તેમની પ્રત્યેનો ભક્તિભાવ પચીસ કરોડ હિંદુઓના હૃદયમાં હજી સુધી જામી રહ્યો છે. બાળવયનું તેમનું જીવન અતિ સુંદર અને

મોહક હતું. કિશોર વયમાં પોતાના પ્રસન્ન વદનથી તેમણે પોત સમક્ષ રહેનારાઓનાં હૃદય પ્રેમથી પ્રદીપ્ત કર્યા હતાં. પછી યુવાવસ્થ આરંભમાંજ દેહ ત્યાગ કરીને હિમાલયમાં પોતાને આશ્રમે પ પધાર્યા. ફરીથી તેઓ પોતાના પ્રિય શિષ્ય જીસસનો દેહ ધારણ ક યાહુદી પ્રજામાં ક્રાઇસ્ટ તરીકે પધાર્યા હતા, અને ત્રણ વર્ષ સુધી સં કરૂણાથી તેઓ પ્રકાશી રહ્યા હતા. યુવાવસ્થાના આરંભમાંજ તે વધ કરવામાં આવ્યો, પણ તેમણે એટલું બધું સ્વાર્પણ કર્યું કે સુવાસ હજી પણ જગતમાં પ્રસરી રહ્યો છે.

જેઓ પ્રેમના નિધિ છે, જેઓ દેવ અને મનુષ્યના ગુરુ તેમના પુનઃ આગમન માટે આપણે હમણાં આતુરતાથી રાહ જો... છીએ. પૂર્વના તારાના બંધુઓ તથા બ્હેનો ! તેમનો સત્કાર કરવા માટે જાગ્રત થાઓ, અને તેઓ પધારે છે તે વધામણીથી અતિશય આનંદ તથા હર્ષ પામો. સ્વર્ગમાં જયનાદ ગાજી રહ્યો છે, અને તેના પ્રત્યુત્તરમાં આ જગતમાં આનંદ વ્યાપી રહે તેમ કરો.

પૂર્વના તારાના મંડળમાં દાખલ થવાની અરજીનો નમુનો.

હું પૂર્વના તારાના મંડળના છ નિયમો સ્વીકારૂં છું અને તે,

મંડળનો / સેવકમંડળનો સભાસદ થવા ઇચ્છુ છું.

નામ. ______________________

પૂરેપૂરૂ સરનામું ______________________

ઉમ્મર. (   ) તમે અંગ્રેજી ભણેલ છો ? (   )

(સર્ટીફીકેટ સારૂ અર્ધા આનાની ટીકીટ બીડી આ મંડળના વ્યવસ્થાપક સેક્રેટરી—અડયાર—મદ્રાસ એ શરનામે લખવું.)